**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૧ ટકા ● સાંજે ૬૭ ટકા

# શહેરનો ‘ખ’ રોડ ટ્રાફિકથી ધમધમે છે

## ન્યુ ગાંધીનગર વિસ્તારની સોસાયટીના રહીશો, ‘ચ’ રોડ પર સમાર કામ, ઉત્તર ગુજરાતનો બાયપાસ રોડ સાથે અને એસ.જી. હાઈવેથી આવતા તમામ માટે ‘ખ’ રોડ પોપ્યુલર

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં ઉદ્યોગોના વિકાસ સાથે બાયપાસ રોડનું જોડાણ અને રોડના સમારાકમ પૂર્ણ થવાના આરે છે ત્યારે હાલ શહેરનો ‘ખ’ રોડ ધમધમી રહ્યો છે. સચિવાલયથી લઈ તમામ ઓફિસના કર્મચારીઓ ઉપરાંત ઉત્તર ગુજરાતથી આવતા બાયપાસ જનાર શહેરીજન ઉપરાંત ન્યુ ગાંધીનગર વિસ્તારના સરગાસણમાં પણ સોસાયટીઓનો ભરમાર છે જેનો કારણે રાહદારીઓની સંખ્યા વધવાને કારણે વાહનોની અવરજવર વધી છે.

શહેર હાલ વિકાસ કરી રહ્યું છે. માર્ગ મકાનથી લઈ તમામ રીતે શહેરનો નવો ચહેરો ધીમે ધીમે જોવા મળી રહ્યો છે. ત્યારે અનપોપ્યુલર એવો ‘ખ’ રોડ હાલ પોપ્યુલર બન્યો છે. પહેલાના વર્ષોમાં ફકત ખેતર જ હોવાથી ત્યાં અવરજવર ઓછી રહેતી




પરંતુ હાલ ન્યુ ગાંધીનગર વિસ્તારમાં મકાનો બંધાઈ ગયા છે તદઉપરાંત એસ.જી. હાઈવેને જોડતો ‘ખ’ રોડ તેના સરળ રસ્તા માટે પ્રખ્યાત છે. જેને કારણે નોકરી કે ધંધા અર્થે આવતા તમામ ‘ખ’ રોડને જ ગાંધીનગરમાં એન્ટર થવા માટે પસંદ કરે છે આ ઉપરાંત સરગાસણ વિસ્તારમાં લગભગ ૫૦થી વધુ પ્રાઈવેટ સોસાયટી બની છે ત્યાંના રાહદારીઓની આવનજાવન તો ખરી જ વળી ચિલોડા, માણસા, દહેગામથી આવતા જતા પણ બાયપાસ રોડ ‘ખ’ રોડ જ છે. આ તમામ કારણોસર ‘ખ’ રોડ પર ટ્રાફિકમાં વધારો થઈ રહ્યો છે અહીં ટ્રાફિક પોઈન્ટ પણ મુકાયા છે. ટ્રાફિક પોલીસ સરગાસણ ચાર રસ્તા પર હોય જ છે પરંતુ ખ-૦ અને ખ-૧ વચ્ચેના ટ્રાફિક પોઈન્ટ પર પણ ખડે પગે ઉભા હોય છે. સાંજના ૫ થી ૭.૩૦ વાગ્યા સુધી અધધ.... ટ્રાફિક ખ-૦ થી ખ-૧ વચ્ચે જોવા મળે છે. આ ઉપરાંત દિવસ દરમિયાન પણ પહેલાના વર્ષોની તુલનામાં હાલ વાહનોની અવર જવર વધુ જોવા મળે છે. આ સાથે કુડાસણ વિસ્તારમાં રેસ્ટોરન્ટ અને કેફેનું પ્રમાણ વધુ હોવાથી અમદાવાદથી ત્યાં આવનાર પ્રવાસીઓ પણ એસ.જી. હાઈવેનો જ ઉપયોગ કરતા થયા છે. ‘ચ’ રોડ પર હાલ મેટ્રોનું કામ ચાલી રહ્યું છે તેથી પણ શહેરમાં ‘ઘ’ અને ‘ખ’ રોડનો ઉપયોગ વધ્યો છે.




આમ આદમી પાર્ટી વોર્ડ નં.૮ સદસ્યતા અભિયાન અને જન સંવેદના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સેકટર-૫ના ઈન્ચાર્જ વિજયભાઈ પટેલ, વોર્ડ નં. ૮ના ઉમેદવારો ગૌતમભાઈ પરમાર, રંજનબેન પટેલ, આશિષબેન ઝાલા, દિલીપસિંહ રાઠોડ તેમજ યુવા મોરચાના પ્રમુખ ગોવિંદભાઈ રાઠોડ અને ઉપપ્રમુખ મિતેશભાઈ પટેલ જોડાયા હતા અને મોટી સંખ્યામાં યુવાનોને આમ આદમી પાર્ટીના સભ્યો બનાવ્યા હતા.

# રાયસણ સિમ્ફની એટાયર ખાતે તસ્કરોનો હાથફેરો

## કુલ રૂ.૨૭,૨૦૦ મત્તાની ચોરી, દંપતિ ઘરમાં હોવા છતા ચોર કળા કરી ગયા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર રાયસણ સ્થિત સિમ્ફની એટાયર બંગલા નં.૧૬ ખાતે ગતરાત્રીના સમયે તસ્કરો ત્રાટકીને રૂ.૨૭,૨૦૦ મત્તાની ચોરી થવા પામી છે. તસ્કરોએ બંગલામાં ગ્રાઉન્ડ ફલોર પર રહેલી તિજોરીનું લોક તોડી અંદર રહેલા બગસરાના સેટ નંગ-૨, તેમજ ફાસ્ટટ્રેકની કંપનીની લેડીઝ ઘડીયાળ કિં.૧,૦૦૦ અને રોકડ રકમ રૂ.૨૬ હજાર મળીને કુલ રૂ.૨૭,૨૦૦ નો મુદ્દામાલ ચોરી કરી પલાયન થઈ ગયા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ ઉત્તરપ્રદેશ અને રાયસણ વિસ્તારમાં આવેલા સિમ્ફની એટાયર બંગ્લોઝ નં.૧૬ ખાતે રહેતા સુશિલભાઈ વૈકુંઠનાથ દિક્ષિત પરિવાર સાથે રહે છે અને જુના સચિવાલયમાં સર્વોદય ભોજનાલય ચલાવે છે. ગત તા.૧૬ ના રોજ સવારે દિકરો અમદાવાદ ઓફિસ ગયો હતો અને સાંજે દ્વારકા જવાનું હોવાથી મિત્રને ત્યાં રોકાયો હતો. જેથી ઘરે સુશિલભાઈ અને તેમના પત્નિ સુધાબેન રાત્રીના સમયે ઘરને લોક મારી ઉપરના માળે સુવા માટે ગયા હતા. સુશિલ ભાઈ રાત્રીના અગીયાર વાગે સુઈને સવારે પાંચ વાગે ઉઠીને નીચે આવીને જોયુ તો ઘરનું ઈન્ટરલોક તુટેલુ હતું.જયારે નીચે બેડરૂમમાં સામાન વેર-વિખેર પડ્યો હતો. જેથી તેમના પત્નીને બુમ પાડીને બોલાવીને ઘરમાં તપાસ કરતા બેઠક રૂમમાં રહેલી તિજોરી તુટેલી હતી.જયારે લોકરમાં મુકેલા બગસરાના બે નંગ સેટ, ઘડીયાળ અને રોકડ રૂ.૨૬ હજાર મળી કુલ રૂ.૨૭,૨૦૦ મત્તાની ચોર કરી તસ્કરો પલાયન થઈગયા હતા. જયારે દંપતિ ઉપરના માળે સુઈ રહ્યો હોવા છતા તસ્કરો ઘરમાં ખાતર પાડી ગયા તે વાત પણ નવાઈ પમાડે છે. બનાવ અંગે સુશિલભાઈ દિક્ષિતે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ચોર શખ્સોને પકડવા માટે તજવીજ હાથ ધરી છે.

# અસરગ્રસ્ત મહામંડળ વિજ જોડાણ પ્રશ્ન ઉકેલવા બદલ તંત્રનો આભાર માને છે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેર વિસ્તારમાં સમાવેશ થયેલા જુના સાત ગામ મોજે ઈન્દ્રોડા, બોરીજ, ધોળાકુવા આદિવાડા, ફતેપુરા, પાલજ ગામોનાં ગ્રામજનોને તેમની રહેણાંકની મીલકતમાં છેલ્લા ૫ વર્ષથી વીજ જોડાણ મળતા ન હતા. તેમાં અધિક્ષક ઈજનેર (પાટનગર યોજના) ગાંધીનગર દ્વારા ટોરેન્ટ પાવર કંપની ગાંધીનગરને દબાણના પ્રશ્ન તંત્ર દ્વારા લેખિત સૂચના આપી હતી. પરંતુ સરકાર દ્વારા સરકારી જમીન સિવાયની જમીનોમાં આ સાત ગામોમાં સીટી સર્વે દાખલ કરી તમામ કાર્યવાહી અને ચકાસણી ક્યા બાદ સાત ગામના ગામતળ વિસ્તારમાં ગ્રામજનોની માલીકોની મિલકતોને મિલક્ત કાર્ડ અપાતા વીજ જોડાણ આપવામાં વહીવટી તંત્રને વાંધો ન હોય તેવી રજુઆત ગાંધીનગર શહેર અસર ગ્રસ્ત વસાહત મહામંડળના પ્રમુખ ભરતસિંહ બિહોલા, કેશાભાઈ ચાવડા, જવાનભાઈ ઠાકોર અને સાત ગામના આગેવાનોએ અધિક્ષક ઈજનેર, કાર્યપાલ ઈજનેર, મેનેજર ટોરેન્ટ પાવર કંપની ગાંધીનગરને રૂબરૂ મળી લેખિત રજૂઆત કરી હતી. જેથી સાત શહેરી વિસ્તારના ગામના મિલકત ધારકો જે લાંબા સમયથી વીજ જોડાણથી વંચિત હતા તેમના પ્રશ્નોનો ઉકેલ આવતાં ગ્રામજનોમાં ખુશી અને રાહતની લાગણી થઈ છે અને તંત્રનો આભાર વ્યકત કરાયો છે.



પેથાપુરના પાલ્યા વિસ્તારની સમસ્યાનું નિરાકરણ લાવવા માટે આમ આદમી પાર્ટીના યુવા ઉમેદવાર જય નવુજી પૃથ્વીરાજસિંહ, જીતેન્દ્રસિંહ વાઘેલા, પ્રીતીબેન શર્મા, યુવા પ્રમુખ રજત શર્મા અને કાર્યકરોએ કલેકટરશ્રીને આવેદનપત્ર આપ્યું હતું.

# સેકટર-૨ ખાતે બંધ મકાનમાં રૂ.૧.૫૧ લાખની ચોરી

## સોના-ચાંદીના દાગીના તેમજ રૂ.૪૭ હજાર રોકડા મળી કુલ રૂ.૧.૫૧ લાખનો હાથ ફેરો, પરિવાર વિદેશ ગયો હતો, તે સમયે બારીની ગ્રીલ તોડી તસ્કરો અંદર પ્રવેશીને ચોરીને અંજામ આપ્યો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી તસ્કરો ટોળકી તરખાટ મચાવી રહી છે. એક પછી એક ચોરીને અંજામ આપી પોલીસને પડકાર ફેંકતી હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે શહેરના સેકટર-૨ ડી ખાતે રહેતો પરિવાર વિદેશ ગયો હતો તે સમયે બંધ મકાનને ચોર શખ્સોએ નિશાન બનાવ્યું હતું. બારીની ગ્રીલ તોડી અંદર પ્રવેશી સોના-ચાંદીના દાગીના, રોકડા મળી કુલ રૂ. ૧.૫૧ લાખ મત્તાની ચોરી થવા પામી છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ચોર શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.



સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨ ડી પ્લોટ નં.૧૧૨૭-૧ ખાતે રહેતા અતુલભાઈ જગદીશભાઈ ઠાકર અને તેમના પત્નિ મીનાબહેન રહે છે. તેઓનું બીજુ મકાન પણ સેકટર-૨ માં આવેલુ છે.જયારે અતુલભાઈ નિવૃતમય જીંદગી જીવી રહ્યા છે. જયારે તેમના પત્નિ જીપીસીબી ખાતે ફરજ બજાવે છે. તેમના પરિવારના સભ્યો વિદેશ રહેતા હોવાથી ગત તા.૧૭ ફેબ્રુઆરીના રોજ દંપતિ મકાન બંધ કરી વિદેશ ગયા હતા. પાંચ માસ વિદેશમાં રહ્યા બાદ ગત તા.૧૬ જુલાઈના રોજ દંપતિ પરત ફર્યા હતા. તે સમય દરમિયાન મકાનની લોખંડની બારીની ગ્રીલ તોડી ચોર શખ્સો ઘરમાં પ્રવેશી ડ્રોઈગ રૂમ અને બેડરૂમ સહિતનો સામાન વેર-વિખેર કરી દીધો હતો. ચોર શખ્સોએ બેડરૂમમાં રહેલા કબાટના ડ્રોવરના તાળા તોડીને સોના-ચાંદીના દાગીના અને રોકડા રૂ.૪૭ મળી કુલ રૂ.૧.૫૧ લાખની મત્તાની ચોરી કરી ચોર શખ્સો પલાયન થઈ ગયા છે. બનાવ અંગે ચોરીની ફરીયાદ નોંધાતા પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને ડોગ સ્કવોડ તેમજ ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ આગળની તપાસ હાથ ધરી છે.

# રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧૭

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા આત્મનિર્ભર ભારત અંતર્ગત ખૂબ જ પ્રશંસનીય કામગીરી કરી આમળા અને લીંબુના બગીચા બનાવી આત્મનિર્ભર ભારત અને સ્વાવલંબન પ્રવૃત્તિનું સરલ દાખલા સમાજ માટે આપ્યું હતું. ડૉ. રાજેન્દ્ર ખીમાણી (ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક) ડૉ. નીખિલભાઈ ભટ્ટ (કાર્યકારી કુલસચિવ) દ્વારા બગીચામાં લીંબુ અને આમળાના રોપા લગાવી વૃક્ષારોપણ કરાયું હતું. જેમાં અંદાજીત ૫૦ વૃક્ષો આમળા અને ૫૦ વૃક્ષો લીંબુના હતા. આ કાર્યક્રમમાં ડૉ. જગદીશચંદ્ર ગોઠી, ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા, રમેશભાઈ પટેલ, ડૉ. વિજયભાઈ મકવાણાએ પણ વૃક્ષારોપણ કર્યું હતું. ડૉ. નીરજ સિલાવટ દ્વારા કાર્યક્રમનું આયોજન અને સંચાલન કરાયું હતું.

# સહજાનંદ સ્કૂલ ઓફ એચીવરમાં કાવ્યપઠન સ્પર્ધા યોજાઈ




ગાંધીનગર, તા.૧૭

સહજાનંદ સ્કૂલ ઓફ એચીવરમાં વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શકિતઓને કેળવવા માટે ૧૫ જુલાઈના રોજ કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં ધોરણ ૧ થી ૩ના વિદ્યાર્થીઓએ કાવ્યગાન અને ધોરણ ૪ થી ૮ના વિદ્યાર્થીઓએ કાવ્યપઠન સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેના અંતર્ગત વિદ્યાર્થીઓએ ઈશ્વર, પ્રકૃતિ, માતા-પિતા, ધૈર્ય, ફેસબુક, મંદિર એવા અનેક અવનવા વિષયો દ્વારા કાવ્યોના ઈન્દ્રધનુષી રંગોથી શ્રોતાઓને અનેરો કાવ્ય રસાસ્વાદનો અનુભવ કરાવ્યો હતો. આવા સફળ પ્રોગ્રામ માટે શાળાના ટ્રસ્ટી અને પ્રિન્સિપાલ વચ્ચે શાળાએ સંસ્થાને અભિનંદન પાઠવ્યા હતા.

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ચૌહાણ શકરાજી ગબાલજી, ઉ.વ. ૬૦, બાપુપુરા
- સ્વ. સોલંકી વિનોદભાઈ મગનભાઈ, ઉ.વ. ૪૧, ચિલોડા
- સ્વ. બૈસ પ્રદિપકુમાર જીવણલાલ, ઉ.વ. ૫૯, સેકટર-૨૯


# શહેરમાં છવાયો સ્પર્ધાત્મક પરીક્ષાઓનો માહોલ

## કોરોનાનો કહેર ઓછો થયા બાદ ટ્યુશન-કોચિંગ કલાસીસ શરૂ થયા સ્પર્ધાત્મક પરીક્ષાઓ શરૂ થતાં વિદ્યાર્થીઓ અભ્યાસમાં મશગુલ

ગાંધીનગર, તા.૧૭

કોરોનાનો કહેર ઓછો થયા બાદ છેલ્લા ઘણા સમયથી અટકી પડેલી સ્પર્ધાત્મક પરીક્ષાઓ શરૂ થતાં શહેરમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓનો માહોલ છવાયો છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતા કલાસીસમાં ભારે ભીડ જોવા મળી રહી છે. કોરોનાના કારણે છેલ્લા દોઢ વર્ષથી સરકારી ભરતીઓ પર રોક લાગી ગઈ હતી. સરકારી ભરતીઓ અને તેની પરીક્ષાઓ બંધ રહેતા વિદ્યાર્થીઓ પોતાના વતન ચાલ્યા ગયા હતા. કોચિંગ કલાસિસ પણ બંધ થઈ ગયા છે. હવે રાજયમાં કોરોનાની બીજી લહેર શાંત પડી ચુકી છે. ખૂબ જ ઓછા કેસ નોંધાઈ રહ્યા છે. આવા સમયે સરકારી ભરતીઓ અને તેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ ફરી શરૂ થઈ ચુકી છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓનો માહોલ જામ્યો છે એવું કહી શકાય.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ અને ગુજરાત જાહેર સેવા આયોગ ઉપરાંત વિવિધ વિભાગોની ભરતી સમિતિઓ




મારફતે પરીક્ષાઓ શરૂ થતા અને સાથે જ કોચિંગ કલાસ શરૂ કરવાની પરવાનગી મળતા શહેરમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓનો માહોલ છવાયો છે.

જુલાઈ અને ઓગસ્ટ માસમાં ઘણી બધી સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજવાની હોઈ વિદ્યાર્થીઓ તૈયારીમાં ગળાડૂબ બન્યા છે. રાજય વેર નિરીક્ષક અને મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારીની પરીક્ષાઓ હમણાં જ યોજાઈ ગઈ. હવે આગામી ૨૦, ૨૨ અને ૨૪ જુલાઈના રોજ જીપીએસસીની મુખ્ય પરીક્ષા યોજાશે. ત્યારબાદ ઓગસ્ટ મહિનામાં ડીવાયએસઓ, નાયબ મામલતદાર, રાજય વેરા નિરીક્ષક, પોલીસ ઈન્સ્પેકટર, ઉદ્યોગ અધિકારી અને વનો અધિકારીની પરીક્ષાઓ યોજાવાની છે. ટૂંક સમયમાં ઘણી બધી પરીક્ષાઓ યોજાવાની હોઈ વિદ્યાર્થીઓ-ઉમેદવારો તૈયારીમાં લાગી ચુકયા છે. કોચિંગ કલાસીસમાં વિદ્યાર્થીઓ ગળાડૂબ તૈયારીમાં જોતરાયેલા નજરે ચઢે છે.

# જન્મદિને વધામણી



રીટાબેન ચૌહાણ
મો. ૯૫૩૭૫ ૭૯૮૩૪



જયશ્રીબેન જાદવ



આરવ મહેન્દ્રભાઈ રાઠોડ
મો. ૮૧૪૦૧ ૮૦૨૯૪



અનોખી દુષ્યંત દવે

# ગાંધીનગર મહાનગર ભાજપના લિગલ સેલના હોદ્દેદારો નીમાયા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર મહાનગર ભાજપના લિગલ (વિધી) સેલ ટીમની જાહેરાત કરવામાં આવી છે.

પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર મહાનગર ભાજપ પ્રમુખ ઋચિરભાઈ ભટ્ટે લિગલ (વિધી) સેલની જાહેરાત કરી છે. સંયોજક તરીકે રાજેશકુમાર જાની, સહસંયોજક તરીકે રમેશભાઈ પટેલ અને સભ્યો તરીકે જયંતિભાઈ પંચાલ, શંકરસિંહ ગોહિલ, જગદીશસિંહ વાઘેલા, વસંતભાઈ વ્યાસ, સુનિલભાઈ રાઠોડ, ધીરજભાઈ ઓબેરોય અને જીતેન્દ્રભાઈ દેસાઈની નિમણુંક કરવામાં આવી છે.

# ગણપત યુનિવર્સિટીનો કેરિયર કાઉન્સેલીંગ સેમિનાર આજે ગાંધીનગરમાં

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત રાજયની પ્રાઈવેટ યુનિવર્સિટીઓમાં પહેલી પાંચ યુનિવર્સિટીઓમાં પોતાનું સ્થાન અંકિત કરનાર હાઈટેક એવી ગણપત યુનિવર્સિટીના ઉચ્ચ કક્ષાના અધિકારીઓ-એકિઝકયુટિવ ડિન્સ, પ્રિન્સિપાલ્સ અને અન્ય વિવિધ જ્ઞાન શાખાના નિપુણ અધ્યાપકોને રૂબરૂ મળીને મહત્વના જ્ઞાન-માહિતી-માર્ગદર્શન મેળવવા માટે ગણપત યુનિવર્સિટીએ ગાંધીનગરના વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે ખાસ વ્યવસ્થા ઉભી કરી છે.

ગઈકાલથી શરૂ થયેલો આ જ્ઞાનયજ્ઞ આજે તા.૧૮ રવિવારના રોજ પણ ચાલુ રહેવાનો છે. ગાંધીનર શહેરની જાણીતી ‘હોટલ ફોર્ચ્યુન ઈન હવેલી’ પ્લોટ નં. ૨૩૫, સે-૧૧ ખાતે પ્રો. રાકેશ વણઝારા (મો. ૯૮૭૯૬ ૯૯૩૬૫)નો સંપર્ક કરી કોઈ પણ વાલી અને વિદ્યાર્થી માહિતી અને માર્ગદર્શન માટે મળવા જઈ શકે છે.